
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પ્રજાને જાણ કરો કે અમે બીજી લહેરમાં તૈયાર હતા તેટલા જ આજે પણ તૈયાર છીએ...!!!

# યુથ પાર્લામેન્ટથી યુવા પ્રતિનિધિઓ તૈયાર કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### સાંસદ સી.આર. પાટિલ-પ્રખર વક્તા જ્ઞાનવત્સલસ્વામી સહિત અગ્રણીઓની ઉપસ્થિતી

ગાંધીનગર, તા. ૪

આઝાદીના અમૃત પર્વે આયોજિત યુથ પાર્લામેન્ટ યુવાનો માટે અવિસ્મરણિય અનુભૂતિનું




પર્વ બન્યું છે. યુથ પાર્લામેન્ટથી જનહિત સેવા માટે, રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત યુવા પ્રતિનિધિઓ તૈયાર કરવાની અમારી પ્રતિબદ્ધતા છે.

મુખ્યમંત્રીએ કર્ણાવતિ યુનિવર્સિટી ખાતે આયોજીત 'યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયા ૨૦૨૧'ના શુભારંભ અવસરે કહ્યું કે યુથ પાર્લામેન્ટ યુવાશક્તિ માટે મોટી તક લઈને આવી છે. યુવાનોએ રાષ્ટ્રહિત માટે આગેવાની લેવામાં પાછા પડવાનું નથી. યુવાન ઉર્જાવાન હશે તો બીજાને પ્રભાવિત કરી શકશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે યુથ પાર્લામેન્ટનો ઉદેશ્ય દેશની યુવા પેઢીને કાયદા નિર્માણની લોકતાંત્રિક પ્રક્રિયાથી પરિચિત કરવાનો છે. યુથ પાર્લામેન્ટમાં મનોમંથન અને સંવાદ દ્વારા યુવાનોને જ્ઞાનરૂપી અમૃત પ્રાપ્ત થશે. ઉત્કૃષ્ટ યુવાશક્તિના જાગરણથી ઉન્નત રાષ્ટ્રનિર્માણની નેમમાં યુથ પાર્લામેન્ટ એક અગત્યનું પરિબળ બનશે.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં ભારતની સંસદીય પ્રણાલીકા નવા આયામો પામી છે. તેમના કાર્યકાળમાં દેશની સંસદ સૌથી વધુ કાર્યદક્ષતા સાથે કાર્યરત બની છે. અનેક લેન્ડમાર્ક કાયદાઓ બન્યા અને સેકડો જુના પુરાણા કાયદાઓ રદ પણ થયા છે.

મુખ્યમંત્રીએ ઝાલર વગાડીને આ યુથ પાર્લામેન્ટની વિધિવત શરૂઆત કરાવી હતી સાથે જ તેની ભવ્ય સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

નવસારીના સાંસદ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે જણાવ્યું કે અપ્રાસંગિક



રૂઢીઓ અને નિયમોને તોડવાની હિંમત જે યુવાન નથી કરતો તે આગેવાન નથી બની શકતો. જીવનમાં પ્રગતિ કરવી હોય તો બીબાઢાળ પદ્ધતિઓમાંથી બહાર આવી નવિન અને રચનાત્મક કાર્યો તરફ વળવું પડશે. યુથ પાર્લામેન્ટ આવો જ એક રચનાત્મક અભિગમ છે. યુથ પાર્લામેન્ટમાં વર્તમાન સ્થિતિના પ્રશ્નો-મુશ્કેલીઓના ઉકેલ માટેની ચર્ચા થાય તે ઈચ્છનીય છે એમ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે જગતમાં કોઈપણ ક્રાંતિ યુવાનો જ લાવ્યા છે. આપણો દેશ યુવાનોનો દેશ છે. દેશના યુવાનો જાગૃત છે, નવી કેડી કંડારવા સક્ષમ છે. કોઈ યુવાન અમારી પાસે નવો અને સમાજોપયોગી વિચાર લઈને આવે તો તેનો અમલ કરવા અમે તત્પર રહીએ છીએ.

જાણીતા વક્તાસંત જ્ઞાનવત્સલ સ્વામીજીએ પ્રેરક પ્રવચન દ્વારા યુવાનોને જીવન ઘડતર અંગેનું માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સ્વામીજીએ યુથ પાર્લામેન્ટમાં સહભાગી બનેલા યુવાનોને ચારિત્ર્યવાન, નિર્વ્યસની, સંયમી અને ઈશ્વરમાં શ્રદ્ધાપૂર્વક જીવન જીવવાની પ્રેરણા પોતાની રસાળ શૈલીમાં આપી હતી.

## ગુજરાતના યુવાનોને ડ્રગ્સથી બચાવવા પડશે : જ્ઞાનવત્સલ સ્વામી



જાણીતા મોટીવેશનલ સ્પીકર અને બીએપીએસના સંત જ્ઞાનવત્સલ સ્વામીએ ડ્રગ્સ અંગે પ્રવચન આપ્યું હતું. યુવાનોમાં વધતા ડ્રગ્સના વ્યસન પર જ્ઞાનવત્સલ સ્વામીએ સંદેશ આપ્યો હતો. યુવાનો ડ્રગ્સના રવાડે ન ચડે તેનાથી બચીને રહે ગુજરાતને ડ્રગ્સમુક્ત કરવાનુ છે. પોતાના વ્યક્તિત્વને મજબૂત બનાવવા માટે વ્યસનથી આજની યુવાપેઢી દૂર રહે તે જરૂરી છે. આ ઉપરાંત એચઆઈવી એઈડ્સ વિષય પર સંદેશ આપતા જણાવ્યું હતું કે 'વન લાઈફ વન પાર્ટનર' આજ એક સાચો વિકલ્પ છે. આ રોગ નાબુદ કરવા અંગે તથા વેદ અને ઉપનિષદ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આપણી સંસ્કૃતિમાં અથર્વવેદમાં ગણતંત્ર શબ્દ ૧૭ વખત તેનો પ્રયોગ કરવામાં આવ્યો છે. સમિતિ, સભાપતિ, સભા શબ્દોનો ૧૦૦થી વધારે વખત આપણા ઉપનિષદોમાં લખાયા છે. આઝાદી કા અમૃત મહોત્સવ પર્વ પર યુથ પાર્લામેન્ટરીની રિસ્પોન્સિબિલિટી છે કે આપણો આ વિચાર અભિગમ, વર્તન જે આપણા સત શાસ્ત્રોએ શિખવાડ્યા છે તે વિશ્વ સુધી લઈ જવા જોઈએ. ધ ઓનર્સ લાયસ ઓન યુ, ધ ઓનર્સ લાઈવ્સ ઓન પોર સોલ્ડર્સ... પણ તેના માટે ખાલી બુદ્ધિમત્તાથી કાઈ નથી થતું જો તમને એવું ફીલ થાય છે કે તમારામાં અભિમાન છે, યુવાન છો, ઉર્જાવાન, અભ્યાસુ વિગેરે માત્ર નથી ચાલતું તમારૂ વર્તન કેવુ છે તે પણ ખૂબ મહત્વનું છે. તમારા સંસ્કાર કેવા છે તે અગત્યનું છે. માત્ર બુદ્ધિમત્તાથી કાઈ નથી થતુ. તેમ જણાવતા પ્રમુખ સ્વામી મહારાજ અને સ્વામી વિવેકાનંદના ઉદાહરણ આપ્યા હતા. પ્રમુખ સ્વામી મહારાજ માત્ર પાચ ધોરણ ભણ્યા હતા તેઓ ભારતીય સંસ્કૃતિ, ભારતીય વિચારધારા સમગ્ર વિશ્વ સુધી લઈ ગયા. તેમણે ૫૦ વર્ષમાં ૧ ૩૦૦થી વધારે સંસ્થાઓ બનાવી છે. જેમાં હોસ્પિટલ, હોસ્ટેલ, સ્કૂલ, કોલેજો, મંદિરો, સંસ્કાર કેન્દ્રો સમાજને અર્પણ કર્યા છે. આમ બીએપીએસના જ્ઞાનવત્સલ સ્વામીએ યુથ પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયાના કાર્યક્રમમાં સંબોધન કર્યુ હતુ.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની યોજનાકીય કામગીરીની સમીક્ષા માટે સોમવારે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ મિત્રા બેઠક યોજશે.
- પ્રદેશ પ્રમુખ તરીકે વરાયેલા જગદીશ ઠાકોર સોમવારે વિધિવત્ ચાર્જ સંભાળશે તેમાં હાજરીને લઈ જિલ્લા-શહેર કોંગ્રેસની એક બેઠક રવિવારે બપોરે ૧ વાગે કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજવામાં આવી છે.
- દહેગામ મામલતદાર ઓફિસમાં વચેટિયા પ્રથાને લઈ વહીવટ ખોરવાયાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે.
- દહેગામના વાસણા ચૌધરી ગામે હાથમતીમાંથી કેનાલમાં વધારે પડતુ પાણી છોડવામાં આવતાં કેનાલ ઉભરાઈ જવા પામી હતી. ખેડૂતોને નુકશાન થયાના અહેવાલો છે.
- વાયબ્રન્ટ ગુજરાતની ચાલી રહેલી તડામાર તૈયારીઓને પગલે માર્ગ બનાવવાની કામગીરીમાં ગતિ આવી છે.
- આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટ માટે જાપાન-કોરિયાએ ભારે રસ દાખવ્યો હોવાનું ઉદ્યોગ વિભાગના સૂત્રોએ કહ્યુ છે.
- જિલ્લામાં કોરોનાની સહાય મેળવવા માટે ૩૫૫૫ લોકો ફોર્મ લઈ ગયા છે અને ૧૩૦૦થી વધુ ફોર્મ પરત આવ્યા છે.
- ૧૦૦ દિવસના નક્કી કરાયેલા લક્ષ્યાંકોની કામગીરીને લઈ વિગતવાર અહેવાલો માંગવાના શરૂ થતાં તંત્રમાં મીટીંગો અને દોડધામ વધી જવા પામી છે.
- રાજ્યના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે આરોગ્યના અધિકારીઓ સાથે વી.સી. કરી સૌને સતર્ક રહેવા જણાવ્યુ હતુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- શહેર-જિલ્લામાં આજે ૭ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા. શહેરમાં ૨૯૦૦થી વધુ અને ગ્રામ્યમાં ૪૧૦૦થી વધુ લોકોને આવરી લેવાયા હતા.

## રૂપાલ વરદાયીની માતાજી મંદિરમાં દાન પેટીમાંથી ચોરી કરતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામે સુપ્રસિધ્ધ વરદાયીની માતાજીનું મંદિર આવેલ છે. માતાજી મંદિર પરિસરમાં રહેલી કાચની દાનપેટીમાંથી પાતળી લાકડી કે સળીયા જેવા સાધનથી છેલ્લા ત્રણ દિવસથી રૂપીયા કાઢતો શખ્સ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. પોલીસે આ શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામે હાલના સમયે મંદિરના જીણોધ્ધારનું કામ વર્ષ ૨૦૧૫ થી હાથ ધર્યું છે. ત્યારે મંદિરના જીણોદ્ધારમાં જે કોઈ વ્યકિતએ અંગત દાન આપવુ હોય તેના માટે મંદિર પરિસરમાં કાચની દાનપેટી મુકવામાં આવી છે. ૬ ફુટ ઉંચાઈ અને બે ફુટ પહોળાઈ ધરાવતી દાનપેટીમાં દાનની રકમ નાંખી શકાય તેટલી જગ્યા છે. આ દાન પેટી ટ્રસ્ટના આગેવાનો દ્વારા ૧૫ દિવસે કે એક મહિને ખોલવામાં આવે છે. ત્યારે ગત તા.૧-૧૨-૨૧ ના રોજ દાનપેટી ખોલવામાં આવતા મંદિરના આગેવાનોને દાનપેટીમાં રકમ ઓછી હોવાનું લાગ્યું હતું. જેથી દાનપેટી નજીકના કેમેરા ચેક કરતા ગત તા.૨૮ થી ૩૦ નવેમ્બર દરમિયાન રાત્રીના સમયે એક શખ્સ પાતળી લાકડી કે સળીયા જેવા સાધનથી દાનપેટીલમાંથી રૂપીયા નીકાળતો દેખાય છે. ચોકીદારે આ શખ્સને ઓળખી બતાવ્યો હતો. આ વ્યકિત રૂપાલ ગામનો અશોક ઉર્ફે બોમ્બે માણેકલાલ પટેલ હોવનું ધ્યાને આવ્યું હતું. પેથાપુર પોલીસે આ શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સેકટર-૫ શોપીંગ સેન્ટરની સામે જાહેર રોડ પર ગટરનું ઢાંકણું ખુલ્લું છે. આ ગટર લગભગ દસ ફૂટ ઊંડી છે. રાત્રીના સમયે તેમાં કોઈ વ્યકિત કે જાનવર પડી શકે છે. અકસ્માત સર્જાય તે પહેલા તાત્કાલિક ગટરનું ઢાંકણું નાંખવા વસાહતીઓ માંગ કરી રહ્યા છે.

## ૩૦થી વધુ વ્યક્તિઓએ ખેડૂત સાથે ૪૨ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૪

એકસાઈડ લાઈફ ઈન્સ્યોરન્સની પોલિસીના નામે ૩૦ થી વધુ વ્યકિતઓએ એક ખેડુત સાથે રૂ.૪૨ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરીયાદ ગાંધીનગર સાઈબર ક્રાઈમમાં નોંધાઈ છે. એકસાઈડ ઈન્સ્યોરન્સ કંપનીની પોલિસી અપાવી મુંદ્રા લોન અપાવવાની ખેડુતને લાલચ આપી ૩૦ વ્યકિતઓએ ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીમાં ખેડુત પાસેથી ધીમે ધીમે રૂ.૪૨ લાખ ખંખેરી લેતા પોલીસ ફરીયાદ દાખલ થઈ છે.

અરવલ્લી જિલ્લાના દોલપુરા ગામના રાજેશ કનુભાઈ પટેલ વર્ષ ૨૦૧૬ ઓકટોબરથી એકસાઈડ લાઈફ ઈન્સ્યોરન્સના એજન્ટ તરીકે ઓળખ આપી વિપેન્દ્ર નામના વ્યકિતએ ફોન કરીને પોલીસી અંગે માટે માહિતી આપી હતી. જયારે પોલિસી લેવા માટે રાજેશભાઈને રસ હોવાથી તેમણે અજાણ્યા શખ્સને જરુરી ડોક્યુમેન્ટ વોટ્સએપથી મોકલ્યા હતા. ત્યારબાદ ઈન્સ્યોરન્સ પોલિસીની વાર્ષિક પ્રિમિયમ પેટે રૂ.૩૦ હજારનો ચેક કુરીયરથી મોકલી આપ્યો હતો.ત્યારબાદ ૨૦ દિવસ પછી પોલીસીના ડોક્યુમેન્ટ કુરીયરથી રાજેશભાઈને મોકલી આપવામાં આવ્યા હતા. ફરીવાર અજાણ્યો શખ્સે ફોન કરી કહ્યું કે મુંદ્રા લોન તમને મળી શકે તેમ છે. જેને પગલે રાજેશભાઈ લોનની લાલચમાં આવી ગયા હતા. ત્યારપછી ૩૦ થી વધુ વ્યકિતઓએ વિવિધ નંબરો પરથી ફોન કરીને એકસાઈડ લાઈફ ઈન્સ્યોરન્સના એજન્ટ બનીને અજાણ્યા શખ્સો ફોન પર વાત કરતા હતા અને લોન મંજુર કરાવવા માટે ફાઈલ તેમજ ચાર્જીસ પેટે રાજેશભાઈ તેઓને રૂપીયા આપતા હતા. ત્યારબાદ પરિવારજનોએ રાજેશભાઈને એકપણ રૂપીયાનું ચુકવણુ નહી કરવા માટે જણાવ્યું હતું. જયારે એજન્ટ બનીને ફોન કરતા શખ્સોએ રાજેશભાઈને વિશ્વાસમાં લેવા માટે ન્યું દિલ્હીની બેંક ઓફ મહારાષ્ટ્ર બેંકનો રૂ.૨.૨૫ લાખનો ચેક વર્ષ ૨૦૧૭ ના એપ્રિલમાં મોકલી આપ્યો હતો.પરંતુ ચેક અપુરતા નાણાને પગલે બાઉન્સ થયો હતો.તેમ છતા રાજેશભાઈ એક વર્ષ સુધી નાણાની આશામાં કોઈ કાર્યવાહી હાથ ધરી ન હતી. જયારે પણ ફોન પર અજાણ્યા શખ્સો સાથે વાત કરતા ત્યારે તેઓ કોરોનાનું બહાનુ ધરીને ચેક તૈયાર હોવાનું કહીને વોટ્સએપ થી ચેકનો ફોટો પાડી મોકલી દેતા હતા. રાજેશભાઈએ ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીમાં એકસાઈડ લાઈફ ઈન્સ્યોરન્સની પોલીસેના નામે સમયાંતરે રૂ.૪૨ લાખ પડાવી લીધા હતા. આખરે રાજેશભાઈને છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતા ગાંધીનગર સાયબર ક્રાઈમમાં પોલીસ મથકમાં ફરીયાદ આપી ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૧૫ ખાતે રહેતી પરિણિતાએ અમદાવાદ સરદારનગર આંબાવાડી ભીલવાસ ખાતે રહેતા સાસરીયાઓ સામે શારીરીક માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરીને મુઢમાર મારતા પરિણિતાએ પતિ, મોટા સસરા અને મોટા સાસુ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ આદરી છે.

શહેરના સેકટર-૧૫ ખાતે રહેતી ૩૦ વર્ષિય પરિણિતા પિયરમાં માતા સાથે રહે છે. જયારે તેણીના લગ્ન તા.૧૨-૫-૧૪ ના રોજ વિકાસ દિલિપભાઈ વાગડીયા (રહે. મકાન નં.૮૭૪-૫ સરદારનગર આંબાવાડી ભીલવાસ પાણીની ટાંકી સામે એરપોર્ટ અમદાવાદ) સાથે હિન્દુ રીત રિવાજ પ્રમાણે થયા હતા. જયારે પરિણિતાના પતિને તેના મોટા સસરા તેમજ સાસુએ નાનપણથી દત્તક લીધો છે. ત્યારથી વિકાસ તેમની સાથે રહેતો હતો. જયારે લગ્નબાદ પણ સંયુકત પરિવારમાં આંબાવાડી ખાતે મોટા સાસુ સસરા અને પતિ સાથે રહેતા હતા. જયારે લગ્નના બે વર્ષ બાદ સાસુ-સસરા ઘરકામની નાની વાતોમાં ખામી કાઢી ઝઘડો કરતા હતા. લગ્નજીવન દરમિયાન કોઈ સંતાન પ્રાપ્તિ થઈ ન હોવાથી મહેણાટોણા મારતા હતા. જયારે પતિ પણ પરિણિતાને પરિવારના સભ્યોનું ઉપરાણુ લઈને માર મારીને ત્રાસ આપતો હતો. પરંતુ પરિણિતા પોતાનો ઘર સંસાર બગડે નહી તે માટે બધુ સહન કરતી હતી. જયારે સાસરીયાઓ પરિણિતાને રૂ.૧ લાખ લઈ આવવાનું કહેતા હતા. જયારે પરિણિતાના પિતા પાસેથી રૂ.૧ લાખ લઈને મકાન બનાવ્યું છે પરંતુ તેમા રહેવા દેતા નથી. પરિણિતાને શારીરીક માનસિક ત્રાસ આપતા હતા.પરંતુ તે બિમાર હોવા છતા દવા કરાવતા ન હતા. પરિણિતાએ તેની વાત તેની માતાને જણાવી હતી.પરંતુ તેઓ ઘર સંસાર બગડે નહી તે માટે સમજાવીને પરત મોકલતા હતા. ગત તા.૮.૭.૨૧ ના રોજ પરિણિતા સાસરીમાં કપડા લેવા માટે ગઈ હતી. તે સમયે સાસરી પક્ષના સભ્યોઅ કપડા આપ્યા ન હતા અને પોલીસ બોલાવી હતી. ત્યારબાદ પરિણિતા ઘરે આવી ગઈ હતી અને તેના પતિ, મોટા સસરા અને મોટાસાસુ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ઘ-૨ નજીક પેટ્રોલ પંપ જવાના રસ્તે એક કાર નાના સર્કલ પર ચઢી ગઈ હતી. અકસ્માત સર્જાતા થોડીકવાર માટે અહીં ટ્રાફિક જામ સર્જાયો હતો.

## ઉવારસદ ખાતે જુગારની બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામના ખાંટવાસ ખાતે ખુલ્લા ચોકમાં જુગાર રમી રહેલા ત્રણ જુગારીઓને અડાલજ પોલીસે દબોચી લીધા હતા. પોલીસે જુગારીઓની અંગજડતીમાં રૂ.૨૮૦૦ અને દાવ ઉપરના રોકડ રકમ રૂ.૩૦૫૦ મળી કુલ રૂ.૫૮૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે અન્નપુર્ણા સર્કલ પાસેથી બાતમી મળી હતી કે ઉવારસદ ખાંટવાસમાં ખુલ્લાચોકમાં કેટલાક જુગારીઓ એકઠા થઈને જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડી કુંડાળુ વળીને જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. જેમાં ઉવારસદ ખાંટવાસ ખાતે રહેતો ૩૦ વર્ષિય સંજય ખોડાજી ઠાકોર, ખાંટવાસ ઉવારસદ ખાતે રહેતા ૫૦ વર્ષિય સોમાજી બળદેવજી ઠાકોર, અને ઉવારસદ ગામે રહેતા ૨૭ વર્ષિય વીકીનકુમાર અરજણજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૫૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



**ચિલોડા ગામના શ્વેતલબેન પટેલે સરપંચ તરીકે ઉમેદવારી ભર્યુ**

ચિલોડા ગામના વતની શ્વેતલબેન જે. પટેલે સરપંચ તરીકે ઉમેદવારીપત્ર ભર્યુ હતું. ગ્રામ પંચાયતની ચૂંટણી ૧૯મી ડિસેમ્બરના રોજ યોજાનાર છે. જેમાં સરપંચના ઉમેવાર તરીકે ઉચ્ચ શિક્ષણ ધરાવતી ૩૭ વર્ષીય મહિલા જેઓ એમ.એ.બી.એડ.ઈંગ્લીશ વિષય સાથે ઉચ્ચ શિક્ષણની પદવી ધરાવતા સુશિક્ષિત ઉમેદવાર છે. જેમણે ૨ ડિસેમ્બરના રોજ ૧૨.૩૯ના વિજય મુહુર્ત સાથે ઉમેદવારી પત્રક નિયત કચેરીમાં ૧૫૦થી વધુ કાર્યકર્તાઓ સાથે સરપંચ તરીકેની ઉમેદવારી નોંધાવી હતી.

## માહિતી ખાતાના કર્મયોગીઓ માટે 'સોશિયલ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન' વિષયક એક દિવસીય તાલીમ યોજાઈ

માહિતી ખાતાના કર્મયોગીઓને આધુનિક સોશિયલ મીડિયા સાથે વધુ માહિતગાર કરવા માટે ધ લીલા, ગાંધીનગર ખાતે 'સોશિયલ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન્સ' વિષયક એક દિવસય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિસેફ અને સેન્ટર ફોર કોમ્યુનિકેશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (CCCR)-PDEUના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી 'સોશિયલ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન' અંગેની તાલીમમાં માહિતીખાતા દ્વારા હાલમાં કરવામાં આવી રહેલી સોશિયલ મીડિયાની કામગીરી અને પ્રવર્તમાન સમયની માંગ સાથે વધુને વધુ કેવી રીતે તાદાત્મ્ય સાધીને રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરીની વધુ સારી રીતે પ્રચાર પ્રસિદ્ધિ થઈ શકે તે સંદર્ભે વિવિધ ટેકનિકલ સત્રો યોજાયા હતા.

જેમાં માહિતી ખાતાના અધિકારીઓ તેમજ ચિત્રલેખાના તંત્રી કેતન ત્રિવેદી, કોર્પોરેટર ટ્રેઈનર-પૂર્વ પત્રકાર બિનિતા પરીખ તેમજ દેશગુજરાત ડોટકોમના સ્થાપક તંત્રી જપન પાઠકે સોશિયલ મીડિયા કોમ્યુનિકેશનના વિવિધ પાસાઓ ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા.



ટચૂકડી જાહેર ખબર

**Change of Name**

I have changed my old name from Benjamin B. Meckwan to New name is Benjamin B. Macwan

**Address :**
**Plot No. 725/1, Sectror-4/C, Gandhinagar - 382006**